Volume 2, Issue 2

May 2024

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## તાલીમ અને શિક્ષણ

**બેટર કોટન દ્વારા તા. ૨૮ થી ૨૯ મે, ૨૦૨૪ ના રોજ લોનાવાલા, મહારાષ્ટ્ર ખાતે PU મેનેજરને સોઇલ હેલ્થ મેનેજમેન્ટ પર તાલીમ આપવામાં આવી જેમાં સંસ્થામાંથી અર્જુન ઝાંઝરુકીયા હાજર રહ્યા હતા.**







**આ મહિના દરમિયાન, ટીમે જસવંતગઢ હબ સેન્ટરના નવા પસંદ કરેલા ગામો અને સ્પોક ગામોમાં સ્થળાંતરિત પરિવારના બાળકોને શાળા સાથે જોડવાનો પ્રયાસ કર્યો. તેમજ વાંડલીયા હબ સેન્ટરના ગળ કોટડી ગામે ઇસ્યુ બેઝ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.**





## તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે હિસાબી તાલીમ યોજેલ જેમાં હાજરી આપેલ.





ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અને BAPS સ્વામિનારાયણ સંસ્થા, સારંગપુરના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક તાલીમનું આયોજન તા.૦૨/૦૫/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સી. કે. ટીંબડીયા (માન. કુલપતિશ્રી, GNFSU) પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી (કોઠારીશ્રી, સારંગપુર) GNFSU ના વૈજ્ઞાનિકો અને પ્રાકૃતિક કૃષિ કરતાં પ્રગતિશીલ ખેડૂતમિત્રો એ એમ કુલ ૧૨૮ લોકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં આપણા કાર્યક્ષેત્રના ખેડૂત ભરતભાઈ જી. ચોવટીયા (જરખીયા) અને જીગ્નેશભાઈ એસ. સાંખટ (માણસા) હાજર રહ્યા હતા.








ટપક E-MAGAZINE

Volume 2, Issue 2

May 2024

## આરોગ્ય અને પર્યાવરણ

**ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના ૭ ગામોમાં ૪૪ ફાર્મ આઉટલેટનું કામ પૂર્ણ થયું સાથે સાથે ૧૨ ચેકડેમોના કામ પણ પૂર્ણ થયા.**








## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**ડભોઈ અને તિલકવાડા તાલુકામાં ‘માર્કસ’નો નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે ટીમ દ્વારા બેઝલાઈન સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વેમાં કુલ ૧૦ ગામો આવરી લેવામાં આવ્યા છે (૬ ગામ - તિલકવાડા, ૪ ગામ - ડભોઈ)**









ટપક E-MAGAZINE

Volume 2, Issue 2

May 2024

## બેટર કોટનના રિલેશનશિપ મેનેજર સાથે પીયુ ટીમની તા.૦૫/૦૫/૨૦૨૪ ના રોજ ભાવનગર ખાતે મુલાકાત કરવામાં આવી.




આ મહિના દરમિયાન એલજી મીટિંગ, ક્લાઈમેટ ચેન્જ અંગે ખેડૂતો સાથે મીટિંગ, કૂવાઓ પર દેખરેખ, FGD, પાણીના નમૂનાનું એકત્રીકારણ (૬૩૮ નમૂના), પ્રોગ્રામેટિક વાવણી પૂર્વેની સ્ટાફ અને ખેડૂતોની તાલીમ, જીવંત વાડ, ક્લાર્ટ એપ્લિકેશન દ્વારા વોટર સ્ટ્રકચર ડિઝાઇન, ખેડૂતોની મુલાકાત, ડેમો મુલાકાત જેવી પ્રવૃત્તિઓ. રિજનરેટિવ ડેમો ખેડૂત ઓળખ, નવા ઉદ્યોગ સાહસિક ઓળખ વગેરે પ્રવૃતિઓ દરેક પ્રોગ્રામ યુનિટમાં થઇ.











**શ્રી હેમંત ઠાકરે, કોટન કનેક્ટ દ્વારા ચિતલ, કુંવરગઢ, ચમારડી, કેરીયા અને જામબરવાળાની તારીખ ૧૭ મેં ના રોજ સપોર્ટ વિઝીટ કરવામાં આવી.**





**સુલતાનપુર અને મોટા માણસા ખાતે તળાવ ઉંડા કરવાની કામગીરી શરુ કરવામાં આવી. તેમજ કુંવરગઢ, ચક્રાવા અને પ્રતાપગઢમાં તળાવ ઉંડા કરવા માટે સ્થળની પસંદગી કરવામાં આવી.**







ટપુક E-MAGAZINE
Volume 2, Issue 2
May 2024

## રાજકોટ જીલ્લાના ૧૦ ગામોમાં ગ્રામ વિકાસ સમિતિની રચના કરવામાં આવી.



## આત્મા અને કેવીકે, અમરેલી દ્વારા સંસ્થા સાથે રહી ચિતલ (૨), મોણપુર (૫), લુણકી (૫) અને કુંવરગઢ(૧૦) એમ કુલ ૨૨ ખેડૂતોને મગફળીના બિયારણના ડેમો આપવામાં આવ્યા.




## ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકામાં સંશાધન નકશા તૈયાર કરવા ૧૨ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું.





**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

**Share your review**



www.sskkamreli.org
info@sskkamreli.org